કુદરતે જન્મજાત મુકેલી ઉણપ મૃત્યુ પાછળ કારણભુત બની..!

શ્રવણ શક્તિની ઉણપ ધરાવતા કિશોરને ટ્રેનની વ્હીસલ ન સંભળાઈ ને..!

કોલવડા રેલવે ટ્રેક પર સડસડાટ આવતી હરીદ્વાર મેલની અડફેટે આવી જતાં ૧૫ વર્ષનો કિશોર કપાઈ ગયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના કોલવડા રેલવે ટ્રેક પર આજે બપોરના અરસામાં હચમચાવી મુકે તેવી ઘટના બનવા પામી છે. ૧૫ વર્ષના કિશોરને કુદરતે જે ખામી જન્મજાત મુકી હતી તે જ ખામી તેના મૃત્યુ પાછળ જવાબદાર બની...! શ્રવણશક્તિની ઉણપ ધરાવતો ૧૫ વર્ષનો કિશોર તેની ધુનમાં જ આજે બપોરે કોલવડા રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો...અચાનક ધસમસતી આવતી ટ્રેનની વ્હીસલ જોર-જોરથી વાગવા લાગી..! પરંતુ કિશોરને કાંઈ જ સંભળાતુ ન હોવાથી પોતાની ધુનમાં જ ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો. એક જ ક્ષણમાં હરીદ્વાર મેલની એડફેટે કિશોર કપાઈ ગયો...! ઘટના સાંભળતા જ આસપાસના લોકો સ્થળ પર એકઠા થઈ ગયા અને રેલવે પોલીસને બોલાવી લીધી હતી.

દાહોદ જિલ્લાના ખડોદા ગામ વિસ્તારથી મજુરી કામ કરવા માટે ઉનીયાભાઈ ડામોર તેમની પત્નિ અને ૧૫ વર્ષના દિકરાને લઈને ગાંધીનગર નજીકના કોલવડા ગામે આયુર્વેદિક કોલેજ પાછળના છાપરામાં રહેવા દોઢ માસ પહેલા જ આવ્યા હતા. તેમનો ૧૫ વર્ષનો દિકરો પરાગ ડામોર જન્મજાત બ્હેરો-મુંગો હતો. કાંઈ બોલી શકતો ન હતો કે કાંઈ સાંભળી પણ શકતો ન હતો. કુદરતે તેનામાં જે ખામી જન્મજાત મુકી હતી તે જ ખામી તેના મૃત્યુનું કારણ બની હોય તેવો કિસ્સો

● અનુસંધાન પાના - ૭ પર

(તસવીર : દિપક જાની)

ભગવાન સોનું ભલું કરે : ગાંધીનગરના ચિલોડા તરફના પ્રવેશદ્વાર સમા સેક્ટર-૩૦ સર્કલને અક્ષર પુરૂષોત્તમ સંસ્થા દ્વારા ભાવસભર ઓપ અપાઈ રહ્યો છે. સૌનું ભલું થાય અને ભગવાનના આશીર્વાદ સૌના ઉપર રહે એવા ભાવ સાથેના નમસ્કારની મુદ્રાને વિકસાવાઈ રહી છે.

મનપાને વધુ ૪૩ લાખની ગ્રાન્ટ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકાને ચાલુ નાણાંકીય વર્ષની ૧૩મા નાણાંપંચની ગ્રાન્ટ પેટે રૂ. ૪૩ લાખ કરતાં વધુ સહિત જિલ્લાની ચાર નગરપાલિકાઓ માટે રૂ. ૧૦૧ કરોડ છુટા કરવાના હુકમો જારી કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરને વસ્તીના ભારાંકને ધ્યાને રાખી પ્રથમ હપ્તા પેટે રૂ. ૪૩ લાખ ૨૭ હજાર સાતસો સત્તર ફાળવવામાં આવ્યા છે.

તેરમા નાણાંપંચ દ્વારા જન સુખાકારી માટે આ નાણાં ફાળવવામાં આવ્યા છે. આ નાણાંનું આયોજન હવે પછી કરવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકાને હમણાં સારો ધનયોગ થઈ રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીની સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અન્વયે રૂ. ૪૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

શહેરી વિકાસ વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લાની ચાર નગરપાલિકાઓને પણ આ નાણાં ફાળવવામાં આવ્યા છે. જેમાં કલોલ નગરપાલિકાને ૪૪ લાખ, દહેગામ નગરપાલિકાને ૫૦ લાખ, માણસા નગરપાલિકાને ૩૬ લાખ અને પેથાપુર નગરપાલિકાને ૩૩ લાખની ફાળવણી કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ખાસ કરીને પેયજળ, માર્ગના કામો અને આંતર માળખાકીય સુવિધાના કામો હાથ ધરવાના હોય છે. આટલી જ રકમનો બીજો હપ્તો જાન્યુઆરીમાં છુટો કરવામાં આવશે. જિલ્લામાં નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ મજબુત બને તે માટે તંત્ર દ્વારા પણ વેરા વસુલી પર ભાર મુકવામાં આવ્યો છે અને આ માટે જરૂરી કાર્યવાહી કરવા પણ કલેક્ટરશ્રીએ કડક તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

ખૂણે... ...ખાંચરેથી

- ભાજપના વરિષ્ટ ગોપીનાથ મુંડે ગાંધીનગર આવ્યા હતા.
- નૈતિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ઉજી ઓગષ્ટે બપોરે એક વિશિષ્ટ નાટ્ય શો નું આયોજન કરાયું છે. પિલવાઈ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા 'દિકરી વિનાનું ગામ' નામે નાટક રજુ થવાનું છે.
- કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય પ્રમુખ રોહિત ચૌધરી ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા.
- સંયુકત સચિવ શ્રી ચેતન શુકલ, નાયબ સચિવશ્રી સુભાષ સોની અને અશોક ભાવસાર પાંચ મહિનાની વહીવટીય તાલિમ માટે અમેરિકા જઈ રહ્યા છે.
- ગુજરાત હાઉસીંગ બોર્ડ આજે નવી આવાસ યોજના જાહેર કરનાર છે.
- સચિવાલય ક્રેડીટ સોસાયટીનો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયો છે.
- ગાંધીનગર કલેકટર કચેરીના બે નાયબ મામલતદાર આજે નિવૃત્ત થયા છે. એક નાયબ મામલતદાર શ્રી જોશી વય મર્યાદાને લઈને અને ઈન્દિરાબેન સ્વેચ્છિક નિવૃત્ત થયા છે.

એસ.ટી.બસોમાં આગની દુર્ઘટના ટાળવા વાયરીંગની ચકાસણી કરાઈ

ગાંધીનગર, તા.૩૧

એસ.ટી.બસમાં આગ લાગવાના બનાવ બાદ આ પ્રકારની દુર્ઘટના અટકાવવા માટે બસોમાં વાયરીંગની યોગ્યતા ચકાસવામાં આવી હતી. શોર્ટ સર્કીટના લીધે આગ લાગવાના બનાવો ન બને તે માટે ૧૧૦ બસોમાં વાયરીંગની ચકાસણી કરવામાં આવી હતી.

ઉનાળાની ગરમીના દિવસોમાં ખાનગી વાહનો તેમજ કારમાં અચાનક આગ લાગવાના બનાવો પ્રકાશમાં આવે છે. આકરી ગરમીના દિવસોમાં ખાસ કરીને સી.એન.જી. વાહનોમાં આ પ્રકારની દુર્ઘટના વધુ થતી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જયારે થોડા સમય અગાઉ ગાંધીનગર ડેપોની એસ.ટી. બસમાં પણ આગ ભભૂકી હતી. શાહપુર ચોકડી પાસે બનેલા આગના આ બનાવમાં કોઈ મુસાફરને ઈજા થવા પામી ન હતી. પરંતુ એસ.ટી.ની બસ બળીને રાખ થઈ ગઈ હતી. આ બનાવના પગલે એસ.ટી. ડેપોએ પણ સાવધાની દાખવી ડેપો હસ્તકની તમામ બસોમાં વાયરીંગની ચકાસણી કરી દીધી છે. એસ.ટી. બસમાં શોર્ટ સર્કીટના લીધે આગ ન લાગે તે માટે ડેપોના તંત્ર દ્વારા ડેપો હસ્તકની ૧૧૦ બસોનું વાયરીંગ ચકાસવામાં આવ્યું હતું. જેના પરિણામે ભાવિ સમયમાં શોર્ટ સર્કીટથી બસમાં આગ લાગવાના બનાવો અટકાવી શકાય.

જૂના સચિવાલયમાં ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ બનાવવાની યોજના ખોરંભે

ગાંધીનગર, તા. ૩૧

જૂના સચિવાલયમાં માર્ગ નવીનીકરણની કામગીરી પૂર્ણ થઈ ગઈ. પરંતુ પાર્કિંગ વ્યવસ્થા હજુ ઠેકાણે પડી નથી. સચિવાલય સંકુલમાં ઈકોફ્રેન્ડલી પાર્કીંગ બનાવવા વિભાગ દ્વારા સી. ટી. પી.ને ડિઝાઈન નકશા તૈયાર કરવા દરખાસ્ત કરાઈ છે. પાર્કીંગ વ્યવસ્થાના નકશા-અંદાજો તૈયાર ન થતા વાહન પાર્કિંગની યોજના આખરી થઈ શકી નથી.

શહેરના જાહેર સ્થળો ઉપરાંત કોમર્શિયલ વિસ્તારમાં પણ પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે આડેધડ વાહનો ખડકાતા ટ્રાફિકની દૃષ્ટીએ ડગલે ને પગલે અડચણો ઉભી થાય છે. જ્યારે શહેરના સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓ પણ પાર્કિંગના પેચીદા પ્રશ્નથી પ્રભાવિત હોવાનું સ્પષ્ટ થયું છે. વહીવટી ગતિવિધિઓથી ધમધમતા જૂના સચિવાલય સંકુલમાં પણ છેલ્લા ઘણા સમયથી પાર્કિંગ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. સચિવાલયમાં સ્થિત વિવિધ બ્લોક આસપાસ આડેધડ વાહનો ખડકાતા પાર્કીંગ વ્યવસ્થાના નામે મીંડુ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. હાલ સંકુલમાં ઉપલબ્ધ પાર્કીંગ પ્લેસ પર્યાપ્ત ન હોવાથી તંત્ર દ્વારા વાહન પાર્કીંગની વ્યવસ્થા અપગ્રેડ કરવા નવતર આયોજન કરવામાં આવ્યું છે. ઈકોફ્રેન્ડલી પાર્કીંગ બનાવવા તંત્ર દ્વારા નવી કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. ઈકોફ્રેન્ડલી પાર્કીંગ બનાવવા નકશા-અંદાજો તૈયાર કરવા પણ દરખાસ્ત કરવામાં આવી છે. લાંબા સમયના અંતે પણ પાર્કીંગ પ્લેસની કાર્યયોજના સંદર્ભે નકશા તૈયાર ન થતા પાર્કીંગ વ્યવસ્થાનું કામ હાથ ધરવાનું આખરી થયું નથી.

પાંચમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. વલાજી પપાજી વણઝારા
સ્વ. તા. ૧-૮-૨૦૦૮ (અષાઢ વદ અમાસ)
મુ.પો. તલોદ, જિ. સાબરકાંઠા

ખૂબ પ્રેમ ભરી પળનો આનંદ દઈ ગયા
સેવા કરી અમે, આશીર્વાદ દઈ ગયા
સ્વર્ગસ્થ છો સાકાર છો અમ હૃદયમાં
અર્પીએ છીએ આપને અશ્રુભરી અંજલિ...
તમારા હૃદયાનુરાગી અને સદાય તમને સ્મરતાં...

ગં.સ્વ. ગંગાબેન વલાજી વણઝારા
બાબુભાઈ વલાજી વણઝારા
દશરથભાઈ વલાજી વણઝારા (પત્રકાર)
ભારતીબેન બાબુભાઈ વણઝારા
ઇન્દીરાબેન દશરથભાઈ વણઝારા
જગદીશકુમાર વલાજી વણઝારા
રમેશકુમાર વલાજી વણઝારા
ચંદ્રીકાબેન જગદીશકુમાર વણઝારા
સીતાબેન રમેશકુમાર વણઝારા
યશ, નાગેશ, જયદિપ, નિશા, સાહિલ, નિવેશ, નિલેશ, રિયા, કિંજલ, ખુશ્બુ, પ્રથા

નોટીસ

સાંચાકામ સબબે તા. ૩-૮-૨૦૧૩ ને શનિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી નીચેના જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.
(૧) ગવર્મેન્ટ પ્રેસ ઓવર હેડ
ટોરેન્ટ પાવર લિમીટેડ

પેટ્રોલ પંપ માટે સ્ટાફ જોઇએ છે
(૧) પેટ્રોલ - ડીઝલ તથા સી.એન.જી. ગેસ પૂરવા માટે માણસો
: મળો :
બપોરે ૧૧.૦૦ થી ૧.૦૦
સાંજે : ૫.૦૦ થી ૭.૦૦
HP વિજય ઓટો મોબાઈલ
પ્લોટ નં. ૧૨, ચ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નહી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૯૨ ૭૦૪૮૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com